IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# સાંપ્રત રાજનીતિમાં મહાભારતની ઉપાદેયતા.

શુકલ વૈભવ નરેન્દ્ર ભાઈ
સંશોધક (પીએચ. ડી.)
સંસ્કૃત
વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત

**પ્રસ્તાવના**–મહાભારત નામનો ગ્રંથ અતિ પ્રાચીન છે તેની અનેક પાશ્ચાત્યવિદ્વાનો દ્વારા જુદા જુદા આધાર ઉપર કાળ નિર્ણય કરવામાં આવેલો છે તે ભારતીય સંસ્કૃતિની સભ્યતા સામાજિકતા અને રાજનૈતિકતાથી જોડાયેલો સંપૂર્ણ ગ્રંથ કહી શકાય.મહાભારતમાં રહેલી રાજનૈતિક કુશળતા અને અધર્મ પર ધર્મની જીત વગેરે જાણવા માટે મહાભારત ઉપયોગી ગ્રંથ છે જેમાં જીવનના દરેક અસમંજને શોધી શકાય છે મહાભારતમાં રાજનીતિ વિશે ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને વિદુરનીતિ, ભીષ્મનીતિ, નારદનીતિ માં રાજનીતિની વાતો જોવા મળે છે. આજે અહીં
અહીંમહાભારતમાંસભાપર્વનાપાંચમાઅધ્યાયમાંનારદઋષિદ્વારાયુધિષ્ઠિરનેરાજનૈતિકપ્રશ્નોપૂછીનેરાજનીતિવિશેસમજાવેછેતેનીસાંપ્રતસમયસાથેસુયોગ્યતાબાંધવાનોપ્રયત્નકર્યોછે.

**હેતુઓ**.

- સાંપ્રત રાજનેતા માટે નારદ ઋષિના રાજનીતિ ગુણ સામાજિક રીતે કેટલા ઉપયોગી બનશે.
- મહાભારતમાંદર્શાવેલરાજનીતિનામહત્વનીસમજમેળવી.
- મહાભારતસાથેસાંપ્રતસમયનીરાજનીતિનીસામ્યતાઅનેવેસમ્યતાનેજાણવી
- મહાભારતમાંનારદનારાજનૈતિકવિચારોનેસમજવા
- સમાજને મહાભારતમાં આપેલ નારદનો ઉપદેશ કેટલી રીતેઉપયોગી બનશે
- મહાભારતની રાજનીતિના જ્ઞાન થી આજના રાજનેતા રાજનીતિનું જ્ઞાન મેળવી શકે.
- મહાભારતમાં નારદઋષિના રાજનૈતિક ઉપદેશોથી સમાજ જાગૃત થાય.
- સાંપ્રત સમાજ રાજાના ગુણોને અને રાજ્યવ્યવસ્થાને મહાભારત દ્વારા જાણે.

ઉપરોક્ત હેતુઓનેસિદ્ધ કરવા માટે પ્રસ્તુત સંશોધન પત્રમાં નીચેના મુદ્દાઓ પર મહાભારતમાં નારદ ઋષિના રાજનૈતિક ઉપદેશોની ટૂંકી માહિતી આપવાનો સંશોધકનો પ્રયાસ છે.
સંશોધન પેપર ના મુખ્ય મુદ્દાઓ.

1) ગુણો
2) રાજાની છ પ્રકૃતિ
3) રાજાનાકાર્યો
4) રાજાનોવ્યવહાર
5) પ્રાણનીરક્ષા
6) રાજાદ્વારાપ્રજાનેવેતન
7) રાજ્યનોકરવેરો

## નારદઋષિનો યુધિષ્ઠિરને રાજનૈતિક ઉપદેશ.

મહાભારતના સભા પર્વના પાંચમા અધ્યાયમાં પાંડવો અને ગંધર્વ સભામાં સાથે બેઠા હતા. ત્યારે નારદ ઋષિ કેટલાક ઋષિમુનિઓ સાથે ત્યાં આગમન કરે છે. નારદ ઋષિને જોતા જ યુધિષ્ઠિર અનુજોની સાથે નારદ ઋષિનો આદર સત્કાર કરે છે અને નારદ ઋષિ દ્વારા યુધિષ્ઠિરને તેના રાજ ધર્મ વિશે પ્રશ્નો પૂછી અને રાષ્ટ્ર નિર્માણ, પ્રજા રક્ષણ અને અને પ્રજા પાલન કેવી રીતે કરવું જોઈએ?રાજા શ્રેષ્ઠ રાજ્યનું નિર્માણ કેવી રીતે કરી શકે?તેનો બોધ યુધિષ્ઠિરને આપે છે.

## રાજાના ગુણો

નારદ ઋષિ સર્વ પ્રથમ યુધિષ્ઠને રાજાના છ ગુણો વિશે પૂછે છે કે વકતૃત્વ, પ્રગલ્લભતા, સ્મરણ શક્તિ, તાર્કિકતા, નીતિમત્તા અને વિદ્વતા એ છ ગુણો હોય છે. જો આમાંથી એક જ ગુણ હોય છે અથવા કોઈ જ ગુણ ન હોય તો રાજા રાજપદને લાયક નથી તથા સાત ઉપાયો જેવા કે સામ, દામ, દંડ, ભેદ, મંત્ર, ઔષધી અને ઇન્દ્રજાળ વગેરેથી શત્રુની પરીક્ષા રાજાએ લેતા રહેવું જોઈએ. અને 14 પ્રકારના દોષ જેવા કે નાસ્તિકતા, અસત્યતા, ક્રોધ, પ્રમાદ, દીર્ઘ સુત્રી, જ્ઞાનીઓને ન મળવું, આળસ વ્યસનમાં આસક્તિ, અતિ લાલચ, મૂર્ખની સલાહ લેવી, કાર્યનો અમલ ન કરવો, મંત્રણા ગુપ્ત ના રાખવી, ઉત્સવો ન કરવા અને અનેક શત્રુઓ ઉપર એક સાથે ચડાઈ કરવી શ્રેષ્ઠ રાજા આ દોષથી મુક્ત હોવો જોઈએ.

રાજા છ ગુણ,સાત ઉપાયો, અને ચૌદ દોષથી મુક્ત હોવો જોઈએ. જે તમારા માં છે. એવો પ્રશ્ન પૂછે છે.[1]તે સાંપ્રત સમયમાં માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબમાં જોવા મળે છે. કે તેમની વાક્પટુતા, તર્ક કુશળતા, પ્રગલ્ભતા, સ્મરણ શક્તિ, નીતિશાસ્ત્રની જાણકારી, અને વિદ્વતા એ છ રાજગુણ જોવા મળે છે તથા અન્ય દેશ સાથે સામ,દામ, દંડ, ભેદ ઉપાયોનો ઉપયોગ કરે છે.
તેથી ક્યારેક આંતકવાદને ડામવા તે પાકિસ્તાનમાં ભારતીય સૈનિકો દ્વારા સર્જીકલ સ્ટ્રાઇક કરાવે છે. અને ભારત દેશનું શ્રેષ્ઠ રીતે નેતૃત્વ પણ કરે છે.

1) कच्चि द्राज गुणैः षड्भिः सप्तो पायां स्तथाऽनघ।

बलाबलं तथा सम्यक्चतुर्दश परीक्षसे।। म. सभापर्व-5अध्याय,શ્લોક-11

સાંપ્રત સમય ના આધારે ભારતના પ્રધાનમંત્રી મા આ 14 દોષ પણ નથી. જેમાં આળસ,વ્યસન, ઉત્સવ ન કરવા, નાસ્તિકતા વગેરે દોષો જોવા મળતા નથી.

## રાજાની છ પ્રકૃતિ

નારદ દ્વારા રાજાને છ પ્રકૃતિ અમાત્ય, મિત્ર કોષાધ્યક્ષ, રાષ્ટ્રાધ્યક્ષ, દુર્ગાધ્યક્ષ અને સેનાપતિ આદિ છ પ્રકૃતિ લુપ્ત તો નથી થઇને? ગુણથી ભરપૂર તથા આપત્તિ વગરની તે છ પ્રકૃતિઓ બધી રીતે યોગ્ય છે ને?[2] રાજાને ધર્મના પ્રશ્નો પૂછી તેને સમજાવવા માંગે છે કે જો તમારા આ રાજનીતિના નિયમો છે. જો તમે પાલન કરો છો તો સર્વ શ્રેષ્ઠ બાબત છે. જો તમે નથી કરતા તો રાજ ધર્મ અધર્મ બની જશે તેથી આ તમામ રાજધર્મનું પાલન કરવું શ્રેષ્ઠ છે. એક બાજુ પ્રશ્ન પૂછી બીજી બાજુ ટકોર પણ કરે છે કે એ રાજનીતિ માટે મહત્વનું છે.

## રાજાના કાર્યો

રાજાએ ધનની વૃદ્ધિ માટે વિચારણા કરવી જોઈએ. જેમાં લોકોને ફાયદો થાય એવી અનેક યોજના બનાવી જોઈએ. તેમાં ઉતાવળ કરવી જોઈએ આ કાર્યથી લોકોના માર્ગમાં રાજાએ પીડા ઉત્પન્ન કરવી નહીં અને "હજારો મૂર્ખો ને બદલે એક વિદ્વાન માણસ રાખવો જોઈએ" કારણ કે આપત્તિમાં જ્ઞાની માણસ અનેક સંકટોમાં શ્રેષ્ઠ માર્ગ શોધી કાઢે છે. રાજાએ તેની આવકનો ચોથો ભાગ, અડધા ભાગ કે પોણા ભાગમાંથી જ પોતાનો ખર્ચ કરવો જોઈએ વધારે ખર્ચ કરવાનો અધિકાર રાજાને.[3]રાજા દ્વારા ખેડૂતો ખેતીથી સંતોષ પામે તેવી સહાય કરવી તથા વ્યાપારીકરણ ને વધારવા પર ભાર મૂકવો જોઈએ, પાણીનો સંગ્રહ કરવા વાવ, તળાવ, કુવા બંધાવવા જોઈએ વરસાદ પર નિર્ભર ન રહેવું તેની દેખભાળ રાખવી, રત્નોની ખાણ અને સોના આદિ ધાતુઓની ખાણ અને કરની વસુલાત આ આઠ કર્મો રાજ્યમાં બરાબર થાય તો શાંતિ જળવાઈ રહે છે આ આઠ કર્મો રાજા માટે ખૂબ જરૂરી છે.[4]

2.कच्चित्प्रकृत यः षट् ते न लुप्ता भरतर्षभ।
व्यसनिनः स्वनुरक्ताश्च सर्वशः।। म. सभापर्व-5अध्याय,श्लोक-13
3.कच्चिदा यस्य चाधर्ने चतुर्भागेन वा पुनः।
पादभागे स्त्रिभिर्वापि व्ययं संशोध्यते तव।। म. सभापर्व-5अध्याय,श्लोक-श्लोक-60
4 कच्चिद्राष्ट्रे तडागानि पूर्णानि च महान्ति च ।
भागशो विनिविष्टानि न कृषिर्देवमातृका।। म. सभापर्व-5अध्याय શ્લોક-67
कच्चिदात्मानमन्वीक्ष्य परांश्च जयतां वर ।
तथा संधाय कर्माणि अष्टौ भारत सेवसे ॥ म. सभापर्व-5अध्याय,श्लोक-12

જે સાંપ્રત સમયમાં ભારત સરકાર દ્વારા કુવા ખોદવાનું અને વાવ બનાવવાનું તથા કુદરતી તળાવ બનાવવાનું અભિયાન ચાલે છે.

## રાજાનો વ્યવહાર

નારદ કહે છે રાજા દુર્ગુણો વાળો હોય, પતિત હોય, ઉગ્ર સ્વભાવાળો હોય, મંત્રીઓ અને પ્રજા તેનો અનાદર કરે છે. એટલે રાજા સદ્ગુણી અને સદાચારી, પ્રિય સ્વભાવ વાળો હોવો જોઈએ.[5] જે વ્યવહાર રાજા યુધિષ્ઠિરમાં જોવા મળે છે અને હાલના પ્રધાનમંત્રીમાં પણ આ વ્યવહાર જોવા મળે છે.

## રાજાના પ્રાણની રક્ષા

હે સ્વામી તમે આંતરિક રીતે અને બાહ્ય રીતે તમારું રક્ષણ કરો છો ને? આંતરિક એટલે રસોઈયા તથા મહેલનું કામ કરનારા, કોઈ ષડયંત્ર નથી કરતા ને? તેનું ધ્યાન રાખવું અને બાહ્ય રીતે અમાત્ય સેનાપતિ નોકર ચાકર રાજા વિરુદ્ધ કોઈ કાવતરા ઘડતા નથી ને? એ પણ રાજાએ જાણવું જોઈએ.[6]
સાંપ્રત સમયમાં જ્યારે અહીંયા થી બીજા દેશમાં મંત્રીઓ નેતાઓ જ્યારે અન્ય જગ્યાએ જતા હોય છે. ત્યારે તેની સુરક્ષા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે.
હે રાજા પોતાની રક્ષા માટે લાલ વસ્ત્રો પહેરેલો અને હાથમાં ખડગધારણ કરનારા અને પોતાનાથી શોભીત રક્ષકો પોતાની આજુબાજુ રાખવા જોઈએ જેથી કોઈપણ શત્રુ પક્ષે કોઈ હુમલો ન કરી શકે.[7] જે પણ સાંપ્રત સમય સાથે જોડાયેલું છે તારીખ 10-7-2022 જાપાન ના પ્રભાવશાળી રાજનેતા રાષ્ટ્રપતિ શીંજો આબેનું મૃત્યુ ચૂંટણી પ્રચાર ભાષણ દરમિયાન ગોળી મારીને કરવામાં આવ્યું હતું. તેનું મૂળ કારણ તેની સુરક્ષા એજન્સી છે તેથી રાજા ની સુરક્ષા સૌથી શ્રેષ્ઠ હોવી ખૂબ જરૂરી છે.

### રાજા દ્વારા પ્રજાને વેતન

હે રાજા શું સૈન્યને ભથ્થું અને વેતન યોગ્ય રીતે આપો છો ને? સમય આવીએ આપવા યોગ્ય પારિતોષિક આપો છો ને? તે પાછું તો નથી ખેંચી લેતા ને?[8]

5.कच्चित्त्वां नावजानन्ति याजकाः पतितं यथा ।
कामयानमिव स्त्रियः ।। म.सभापर्व-5अध्याय श्लोक 35

6.कच्चिदाभ्यन्तरेभ्यश्च बाह्येभ्यश्च विशां पते ।
तांश्च स्वेभ्यो मिथश्च तान् ॥ म. सभापर्व-5अध्याय श्लोक 58

7.कच्चिद्रक्ताम्बरधराः खड्गहस्ताः स्वलंकृताः ।
अभितस्त्वामुपासन्ते रक्षमार्थमरिन्दम् ।। म.सभापर्व-5अध्याय श्लोक 77,

8. कच्चिन्नोग्रेण दण्डेन भृशमुद्वेजितप्रजाः ।
राष्ट्रं तवानुशासन्ति मन्त्रिणो भरतर्षभ ।। म.सभापर्व-5अध्याय श्लोक 34, .

સાંપ્રત સમયમાં ભારતીય સેનાને યોગ્ય ભથ્થુ મળી રહે છે. અને પારિતોષિક રૂપે સેનાને શોર્ય પુરસ્કાર આપવામાં આવે છે.

હે યુધિષ્ઠિર કર્મચારીઓને વેતન અને ભથ્થું સમયસર ન મળવાથી કર્મચારીઓ રાજા પર ગુસ્સે થાય છે અને દુઃખ દારિદ્રને મોટો અનર્થ માનવામાં આવે છે.આ તમામ ગુણો યુધિષ્ઠિરમાં જોવા મળતા હતા કારણ કે રાજ્યના લોકો એ ક્યારેય તેનો કોઈ પણ રીતે વેતન,ભથ્થા વિશે ક્યારેય વિરોધ કર્યો નથી. પરંતુ હાલના સમયમાં રાજ્યમાં કામ કરતા કર્મચારીઓ I.A.S અને I.P.S જેવા ઉચ્ચ અધિકારીને વેતનમાં અને ભથ્થામાં કોઈ વાંધો નથી પરંતુ પોલીસ આંગણવાડી શિક્ષકો સરકારી ડોક્ટરો વગેરે દ્વારા રાજ્યમાં વેતન પેન્શન અને ભથ્થાઅંગે વારંવાર આંદોલન થતા હોય છે.

## રાજ્યનો કરવેરો

"यथोक्तमवहार्यन्तेशुल्कम्"દૂરથી લાભ માટે આવેલા વેપારીઓ પાસેથી કરવેરાના કર્મચારીઓ શાસ્ત્રોના આધારે કર લે છે ને? કારણ કે કર નગરજનો, વેપારીઓ પાસેથી એટલો જ લેવો જોઇએ કે જે દેશ હિતમાં અને કર દેનાર વ્યક્તિના હિતમાં હોય.[9]સાંપ્રત સમયમાં દિલ્હી રાજ્યના મુખ્યમંત્રી દ્વારા ઉચ્ચકક્ષાની શાળાઓ અને વીજળી ના 200 યુનિટ ફ્રી આપવામાં આવે છે તેથી કરવેરા નો બોજ ઓછો પડે છે.અન્ય વસ્તુ પર સૌથી ઓછો કર લેવામાં આવે છે જે નગરજનો માટે યોગ્ય છે તેથી કરવેરા નો બોજ લોકો પર વધારે પડતો નથી તથા પંજાબમાં પણ તેની સત્તા આવતા ત્યાં પણ દિલ્હીના કરવેરાની માફક ત્યાં પણ ઓછો કર લેવાય છે તેનાથી ઊલટું મોદી સરકાર દ્વારા બહાર પડેલ GST બિલમાં કાગળ અને સ્ટેશનરી પર કર લેવાથી ગરીબ બાળક યોગ્ય શિક્ષણ મેળવી શકતું નથી. તથા જીવન જરૂરિયાત વસ્તુઓ પર ટેક્સ લગાડવામાં આવ્યો છે. જે અયોગ્ય છે. કારણ કે કરવેરો નગરજનો પાસે વધુ લેવામાં આવે તો ગરીબ લોકો રાજ્યના મંત્રીને સારી દૃષ્ટિથી જોતા નથી અને તેના કારણે સતાપલટો પણ થઈ શકે છે. કરવેરો પણ નગરજનો પર મહત્વનો ભાગ ભજવે છે. તેથી લોકો સહન કરી શકે તેટલો જ કરવેરો નાખવો જોઈએ.

### ઉપસંહાર

મહાભારતમાં નારદ ઋષિનો રાજનીતિનો બોધ આજે સાંપ્રત સમયમાં રાજનેતા માટે ખૂબ જરૂરી છે. કારણ કે તેણે નગરજનો સાથે કેવો વ્યવહાર કરવો. પોતાના કયા કાર્યો હોય છે. સેનાપતિ, ગુપ્તચર વગેરેની વ્યવસ્થા કેવી રીતે કરવી આ તમામ બાબતો મહાભારત માં નારદ ઋષિના ઉપદેશો ખૂબ જરૂરી બને છે જો તેને નીતિ નિયમોનું હાલના નેતા પાલન કરે તો ભારતને વિશ્વ ગુરુ બનતા કોઈ રોકી શકતું નથી. સાંપ્રત સમયમાં મહાભારતનો દૃષ્ટિ કોણ એટલો ઉપયોગી છે. કે દરેક પરિસ્થિતિમાં નવો વિચાર આપી સમાધાન તરફ જઇ શકે છીએ

9. कच्चिदभ्यागता दूराद्वणिजो लाभकारणात् ।
यथोक्तमवहार्यन्ते शुल्कं शुल्कोपजीविभिः ।। म. सभापर्व-5अध्याय श्लोक 103.

સંદર્ભ ગ્રંથસૂચિ.


1.રાજનીતિની આચારમીમાંસા, સંપાદક ઈશ્વર એલ.મહેરા,પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 2019.

2. महाभारत,वेदव्यास,चित्रशिलाप्रेसपुणेशहर,प्रथमसंस्करण 1931

3. મહાભારતેસભાપર્વ, પ્રા. રજનીકાન્ત જોશી, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ.